જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૮ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૬/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ પંકજ ભંવરલાલ રાવલ (રહે. બિલેશ્વર પાર્ક સોસાયટી ભાગ્યોદય સોસાયટીની બાજુમાં પાવાપુરી રોડ ઘાટલોડીયા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૨/૨૦૨૬ ના સાં.ક.૦૨/૦૦ વાગ્યાથી તા.૦૪/૦૨/૨૦૨૬ ના સ.ક.૧૦/૩૦ વાગ્યાના સમયગાળા દરમ્યાનમાં પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૭/૨૦૨૬**

દાણીલીમડાઃ અબ્દુરૂહાન અબ્દુલરહેમાન શેખ (રહે. પરિક્ષીતલાલનગર બહેરામપુરા) એ તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે દાણીલીમડા ખાતે ફીરદોશ મસ્જીદ પાછળ આવેલ રહેમત રેસીડેન્સીનાં પાર્કિંગમાં પાર્ક કરેલ બર્ગમેન સ્કૂટર ઉપર રાખેલ બ્લ્યુ ડાર્ટ કંપનીનાં બેગમાંથી અજાણી વ્યક્તિ પાર્સલ ચોરી કરી લઇ ગઈ હતી. જે પાર્સલમાં આઇફોન નંગ–૨ કિમત રૂપિયા ૧,૬૫,૮૦૦/– તથા મેક–અપ કીટ કિમત રૂપિયા ૪,૨૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૮/૨૦૨૬**

વટવા જીઆઇડીસીઃ જગદીશભાઇ રામેશ્વરભાઇ પટેલ (રહે. મુનશીપુરાના છાપરાં જશોદાનગર) એ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી તા.૦૨/૦૨/૨૦૨૬ કલાક ૦૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેઝ–૩ કર્મા એસ્ટેટ એની પેટ્રોલીયમ સામે પાર્કિંગમાં પાર્ક કરેલ આઇસર ગાડી નંબર જીજે ૩૭ ટી ૮૩૩૩ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૭૯/૨૦૨૬**

ઈસનપુરઃ જયંતીભાઈ ગજાજી સોલંકી (ઉ.વ.૩૫)(રહે. કૃષ્ણકુંજ સોસાયટી એમ.જે.સ્કુલની બાજુમાં ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી તા.૦૪/૦૨/૨૦૨૬ કલાક ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર એમ.જે.સ્કુલ સામે ચંડોળા તળાવ અંદર બાવળની જાડીઓમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપભાઈ મથુરભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી